# “સીમાંતીકરણ થી નેતૃત્વ સુધી: ટકાઉ શાસન અને સામાજિક પરિવર્તનમાં મહિલાઓની ભૂમિકા

**પ્રસ્તુતકર્તા :**
**ખુશી જયેશભાઈ દોશી (આણંદ લો કોલેજ )**

## સારાંશ

આ સંશોધનપત્રમાં મહિલાઓના ઐતિહાસિક સીમાંતીકરણથી લઈને આધુનિક સમયમાં તેમના નેતૃત્વ સુધીના વિકાસપ્રવાસનું સામાજિક, કાનૂની અને નીતિગત પરિપ્રેક્ષ્યમાં સુવ્યવસ્થિત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રાચીન સમયમાં મર્યાદિત સ્વીકાર અને મધ્યકાળમાં મજબૂત બનેલી પિતૃસત્તાત્મક માન્યતાઓને કારણે મહિલાઓ શિક્ષણ, સંપત્તિ અધિકાર અને જાહેર નિર્ણયપ્રક્રિયામાંથી દૂર રહી. ઔપનિવેશિક યુગ દરમિયાન પ્રારંભ થયેલા સામાજિક સુધારણા આંદોલનો તથા સ્વતંત્રતા પછી ભારતીય બંધારણે સ્વીકારેલા સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના સિદ્ધાંતો મહિલાઓના સશક્તિકરણ માટે દૃઢ પાયો પૂરું પાડે છે.

ભારતીય બંધારણની કલમ 14, 15 અને 16 સમાનતા અને અવસરોની સમાનતાનું સંરક્ષણ કરે છે, જ્યારે 73મા અને 74મા બંધારણીય સુધારાઓ દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં મહિલાઓને આપવામાં આવેલ આરક્ષણ ગ્રામ્ય તથા શહેરી સ્તરે તેમના નેતૃત્વ વિકાસ માટે પરિવર્તનકારી સાબિત થયું છે.

ન્યાયપાલિકાએ અનેક ઐતિહાસિક ચુકાદાઓ દ્વારા મહિલાઓના અધિકારોને મજબૂત બનાવ્યા છે, જેમ કે વિશાખા વિ. રાજ્ય રાજસ્થાન, શાયરા બાનો વિ. ભારત સંઘ, અને જોસેફ શાઇન વિ. ભારત સંઘ. આ ચુકાદાઓ દ્વારા કાર્યસ્થળે યૌન ઉત્પીડન વિરોધી માર્ગદર્શિકા, ત્રિપલ તલાક પ્રથાની અસંવિધાનિકતા અસમર્થતા અને વ્યભિચાર સંબંધિત કાયદાની અસંવિધાનિકતા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર લિંગ સમાનતાને બંધારણીય માન્યતા આપવામાં આવી.

વૈશ્વિક સ્તરે, સંયુક્ત રાષ્ટ્ર સંગઠન દ્વારા સ્વીકારાયેલા ટકાઉ વિકાસ લક્ષ્યો, ખાસ કરીને લક્ષ્ય SDG 5 લિંગ સમાનતા અને મહિલાઓના સશક્તિકરણને ટકાઉ અને સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય માને છે.

## પ્રસ્તાવના

મહિલાઓનો ઇતિહાસ માત્ર રસોડા અને ઘરગથ્થુ જવાબદારીઓ સુધી મર્યાદિત નથી. તેઓએ સંઘર્ષ, સહનશીલતા, આત્મવિશ્વાસ, અને સતત બદલાવની પ્રક્રિયા સાથે જોડાયેલી એક લાંબી સફર કરી છે. પ્રાચીન સમયથી આજના આધુનિક યુગ સુધી, મહિલાઓએ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે, છતાં તેમને લાંબા સમય સુધી સમાન અધિકારો અને સામાજિક માન્યતા પ્રાપ્ત થઈ ન હતી.

પિતૃસત્તાત્મક માન્યતાઓ અને પરંપરાગત વિચારોને કારણે, મહિલાઓને મુખ્યત્વે ઘર સુધી મર્યાદિત રાખવામાં આવી હતી, અને શિક્ષણ, સંપત્તિ, રોજગાર, રાજકારણ, અને નીતિનિર્માણ જેવા ક્ષેત્રોમાં તેમની હાજરી ઓછી રહી હતી. મહિલાઓને ઇતિહાસમાં સંભાળનાર અને પાલનહાર તરીકે સ્વીકારવામાં આવી હતી, પરંતુ નિર્ણય લેનાર અથવા નેતા તરીકે સ્વીકારવામાં આવી નહોતી.

આજના સમયમાં, મહિલાઓને દયા અથવા સહાનુભૂતિના વિષય તરીકે નહીં, પરંતુ વિકાસની સહભાગી અને નીતિનિર્માણમાં મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે જોવામાં આવે છે. 2015માં યુનાઇટેડ નેશન્સ દ્વારા સ્વીકારાયેલા ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs)એ વિશ્વ વિકાસ માટે નવી દિશા આપી છે. તેમાં ખાસ કરીને SDG-5 લિંગ સમાનતા અને મહિલાઓના સશક્તિકરણ પર ભાર મૂકે છે.

ભારતના સંદર્ભમાં, ભારતીય બંધારણે શરૂઆતથી જ સમાનતા અને ન્યાયના સિદ્ધાંતો સ્વીકાર્યા છે. કલમ 14 કાયદા સમક્ષ સમાનતા આપે છે, કલમ 15 લિંગ આધારિત ભેદભાવને રોકે છે, અને કલમ 16 સરકારી રોજગારમાં સમાન તકની ખાતરી આપે છે. 1992ના 73મા અને 74મા બંધારણીય સુધારાઓ દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં મહિલાઓને ઓછામાં ઓછું 33 ટકા આરક્ષણ આપવામાં આવ્યું, જે ભારતીય લોકશાહીમાં એક મહત્વપૂર્ણ પગલું હતું.

જ્યારે મહિલાઓ શિક્ષિત બને છે, આર્થિક રીતે સ્વતંત્ર બને છે, અને રાજકીય રીતે સક્રિય બને છે, ત્યારે તેઓ પોતાના પરિવાર ઉપરાંત સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. સંશોધનો દર્શાવે છે કે જ્યાં મહિલાઓ નિર્ણય પ્રક્રિયામાં સામેલ હોય છે, ત્યાં શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, અને પર્યાવરણ જેવા મુદ્દાઓને વિશેષ પ્રાથમિકતા મળે છે.

મહિલાઓનું સશક્તિકરણ માત્ર સામાજિક ફરજ નથી, પરંતુ સમાનતા આધારિત અને ટકાઉ વિકાસ માટેની અનિવાર્ય શરત છે. હાશિયે રહેલી મહિલાઓનું નેતૃત્વ સુધી પહોંચવું માત્ર તેમની જીત નથી, પરંતુ સમગ્ર સમાજના પ્રગતિપથનું પ્રતિક છે.

## 2. સીમાંતીકરણ: ઐતિહાસિક અને સામાજિક પરિપ્રેક્ષ્ય

મહિલાઓનું સીમાંતીકરણ કોઈ એક સમયગાળાની ઘટના નથી, પરંતુ સદીઓથી ચાલતી આવેલી સામાજિક પ્રક્રિયા છે. "હાશિયે ધકેલાવું"નો અર્થ માત્ર પાછળ રહી જવું નથી, પરંતુ સમાજની મુખ્ય નિર્ણય પ્રક્રિયામાંથી દૂર થવું, પોતાના હકો ગુમાવવું અને સંસાધનો પરનો નિયંત્રણ ગુમાવવો પણ છે. જ્યારે કોઈ વર્ગને શિક્ષણ, સંપત્તિ, સત્તા અને અભિવ્યક્તિની તકોમાંથી વંચિત રાખવામાં આવે, ત્યારે તે સીમાંતીકરણ કહેવાય.

ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં મહિલાઓની સ્થિતિ સમય પ્રમાણે બદલાતી રહી છે. કેટલાક સમયગાળામાં તેમને સન્માન અને ભાગીદારી મળી, તો કેટલાક સમયગાળામાં તેઓને કડક નિયંત્રણ અને ભેદભાવનો સામનો કરવો પડ્યો. આ વિભાગમાં મહિલાઓની સ્થિતિને ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### 2.1 પ્રાચીન અને મધ્યકાળમાં મહિલાઓની સ્થિતિ

### (ક) વેદકાળમાં મહિલાઓનું સ્થાન

ભારતીય ઇતિહાસમાં વેદકાળને મહિલાઓ માટે તુલનાત્મક રીતે સકારાત્મક સમયગાળો માનવામાં આવે છે. વેદો અને ઉપનિષદ માં ગાર્ગી અને મૈત્રી જેવી વિદ્વાન સ્ત્રીઓ નો ઉલ્લેખ મળે છે, જેઓ ધાર્મિક અને તત્ત્વચિંતન ચર્ચાઓમાં ભાગ લેતી હતી. આ પરથી સ્પષ્ટ થાય છે કે તે સમયગાળામાં કેટલીક મહિલાઓને શિક્ષણ અને વિચાર પ્રગટ કરવાની તક મળી હતી.

વેદકાળ દરમિયાન મહિલાઓને:

- શિક્ષણ મેળવવાની મંજૂરી હતી,
- યજ્ઞ અને ધાર્મિક વિધિઓમાં ભાગ લેવાની તક હતી,
- લગ્ન માટે તેમની સંમતિને મહત્વ આપવામાં આવતું,
- કેટલીક પરિસ્થિતિમાં સંપત્તિ સંબંધિત હકો પણ મળતા.

સ્ત્રીને "શક્તિ"નું પ્રતિક માનવામાં આવતું હતું. જોકે, આ સન્માન દરેક સ્ત્રી સુધી સમાન રીતે પહોંચ્યું હતું એવું કહી શકાય નહીં. સમાજ સંપૂર્ણ રીતે સમાનતાપૂર્ણ હતો એવું માનવું યોગ્ય નથી, પરંતુ તે સમયગાળો સંપૂર્ણ સીમાંતીકરણનો નહોતો.

### (ખ) ઉત્તરવેદકાળ અને મધ્યકાળમાં પતન

સમય જતાં પિતૃસત્તાત્મક માન્યતાઓ મજબૂત બનતી ગઈ અને મહિલાઓની સ્થિતિ ધીમે ધીમે નબળી પડી. ઉત્તરવેદકાળ અને મધ્યકાળ દરમિયાન મહિલાઓને જાહેર જીવનથી દૂર રાખવાની પ્રથા વધતી ગઈ.

આ સમયગાળાની કેટલીક વિશેષતાઓ:

- મહિલાઓના શિક્ષણ પર પ્રતિબંધ જેવી સ્થિતિ ઊભી થઈ.
- વારસો અને સંપત્તિના હકો મર્યાદિત થયા.
- પરિવાર અને સમાજમાં પુરુષ પ્રભુત્વને ધાર્મિક અને સામાજિક સમર્થન મળ્યું.

મધ્યકાળમાં કેટલીક હાનિકારક પ્રથાઓ પ્રચલિત થઈ:

1. **બાળવિવાહ** – નાની ઉંમરે લગ્ન થવાથી બાળાઓના શિક્ષણ અને વ્યક્તિગત વિકાસને ગંભીર અસર થઈ.
2. **સતી પ્રથા** – પતિના મૃત્યુ પછી પત્નીએ અગ્નિમાં સમાધિ લેવી એ પ્રથા સ્ત્રીના અસ્તિત્વને પતિ સાથે જ જોડતી હતી.
3. **પર્દા પ્રથા** – મહિલાઓને જાહેર જીવનથી દૂર રાખતી અને ઘર સુધી સીમિત કરતી પ્રથા.

આ પ્રથાઓના કારણે મહિલાઓનું જીવન મુખ્યત્વે "પત્ની" અને "માતા"ની ભૂમિકામાં સીમિત થઈ ગયું. તેઓ ખેતી, હસ્તકલા અને ઘરઉદ્યોગમાં યોગદાન આપતી હતી, છતાં તેમના કાર્યને યોગ્ય માન્યતા કે સત્તા મળતી ન હતી. આ રીતે સીમાંતીકરણ એક વ્યવસ્થિત અને સંસ્થાગત સ્વરૂપ ધારણ કરતું ગયું.

## 2.2 ઔપનિવેશિક યુગ અને સુધારણા આંદોલનો

બ્રિટિશ શાસનકાળે ભારતીય સમાજમાં દ્વિગુણી અસર પેદા કરી. એક તરફ રાજકીય ગુલામી અને આર્થિક શોષણ વધ્યું, તો બીજી તરફ પશ્ચિમી શિક્ષણ અને સુધારણા વિચારોના પ્રભાવથી સામાજિક ચેતના જાગી.

### (ક) સામાજિક સુધારણા ચળવળો

આ સમયગાળામાં અનેક સુધારકોએ મહિલાઓના હકો માટે અવાજ ઉઠાવ્યો.

- રાજા રામમોહનરાય એ સતી પ્રથાના વિરોધમાં અભિયાન ચલાવ્યું, જેના પરિણામે 1829માં સતી પર કાનૂની પ્રતિબંધ મૂકાયો.
- ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એ વિધવા પુનર્વિવાહને માન્યતા અપાવવા પ્રયત્ન કર્યો, જેના કારણે 1856નો **વિધવા પુનઃ લગ્ન એક્ટ** અમલમાં આવ્યો.

આ સુધારણાઓએ મહિલાઓને માનવ અધિકારના દૃષ્ટિકોણથી જોવાની શરૂઆત કરી.

### (ખ) મહિલા શિક્ષણનો વિકાસ

ઔપનિવેશિક સમયમાં મહિલાઓ માટે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ. શિક્ષણ દ્વારા મહિલાઓમાં આત્મવિશ્વાસ અને જાગૃતિ વધવા લાગી. તેઓ પત્રકારિતા, સાહિત્ય અને સ્વતંત્રતા આંદોલનમાં જોડાવા લાગી. એટલે જ બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન

**(ગ) મર્યાદાઓ**

છતાં પણ, આ સુધારણાઓ મુખ્યત્વે શહેરી અને ઉચ્ચવર્ગીય મહિલાઓ સુધી મર્યાદિત રહી. ગ્રામ્ય અને ગરીબ વર્ગોની મહિલાઓ સુધી તેનો લાભ સમાન રીતે પહોંચ્યો નહોતો. એટલે કહી શકાય કે ઔપનિવેશિક યુગે સીમાંતીકરણમાં થોડો ઘટાડો કર્યો, પરંતુ પૂર્ણ સમાનતા હજી પ્રાપ્ત થઇ નહોતી.

### 2.3 આધુનિક સમયમાં સીમાંતીકરણના નવા સ્વરૂપો

આધુનિક સમયમાં મહિલાઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધી છે—વિજ્ઞાન, રાજકારણ, શિક્ષણ અને ઉદ્યોગમાં તેમની હાજરી વધી છે. છતાં પણ સીમાંતીકરણ નવા સ્વરૂપે યથાવત્ છે.

**(1) વેતન અસમાનતા**

એકસરખા કામ માટે મહિલાઓને પુરુષોની તુલનાએ ઓછું વેતન મળતું હોવું આજે પણ એક ગંભીર સમસ્યા છે. ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રમાં આ તફાવત વધુ સ્પષ્ટ છે.

**(2) રાજકીય પ્રતિનિધિત્વમાં મર્યાદા**

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં આરક્ષણ હોવા છતાં, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ પૂરતું નથી. ઘણીવાર મહિલાના નામે ચૂંટાઈને પણ વાસ્તવિક સત્તા પરિવારના પુરુષો ચલાવતા હોય છે.

**(3) શિક્ષણમાં અસમાનતા**

પ્રાથમિક શિક્ષણમાં નોંધણી વધી છે, પરંતુ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમાં મહિલાઓનું પ્રમાણ ઓછું છે. ગ્રામ્ય અને ગરીબ વર્ગોમાં શિક્ષણની ગુણવત્તા અને પહોંચ હજી પણ પડકારરૂપ છે.

**(4) લિંગ આધારિત હિંસા**

ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, યૌન શોષણ અને માનવ વણજ જેવી સમસ્યાઓ મહિલાઓની સુરક્ષા અને સ્વાભિમાનને અસર કરે છે. આ સમસ્યાઓ માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સામાજિક માળખાની ખામીઓનું પ્રતિબિંબ છે.

**(5) આર્થિક અસુરક્ષા**

ઘણી મહિલાઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, જ્યાં તેમને સામાજિક સુરક્ષા, માતૃત્વ લાભ કે નિવૃત્તિ સુરક્ષા મળતી નથી. આર્થિક રીતે સક્ષમ હોવા છતાં તેઓ સ્થિરતા અનુભવી શકતી નથી.

## 3. કાનૂની અને બંધારણીય માળખામાં મહિલાઓનું પ્રદર્શિત સશક્તિકરણ

મહિલાઓનું સશક્તિકરણ એ એક અત્યંત મહત્વપૂર્ણ વિષય છે. તેને માત્ર સામાજિક જાગૃતિ અથવા નૈતિક મૂલ્યો પર આધારિત નથી; પરંતુ તેને કાનૂની અને બંધારણીય સુરક્ષા મળે છે. લોકશાહી દેશમાં, કાયદો માત્ર શિસ્ત જાળવવા માટેનું સાધન નથી; પરંતુ તે સમાનતા, ન્યાય અને માનવ ગૌરવના મૂલ્યોને સુરક્ષિત રાખવાનો માર્ગ છે.

ભારતમાં, મહિલાઓના હકોની રક્ષા માટે બંધારણ, સંસદીય કાયદાઓ અને ન્યાયપાલિકાના મહત્વપૂર્ણ નિર્ણયો સાથે એક સઘન અને પ્રગતિશીલ માળખું વિકસ્યું છે. આ વિભાગમાં બંધારણીય જોગવાઈઓ, મહત્વપૂર્ણ કાયદાઓ અને ઐતિહાસિક કેસો દ્વારા મહિલાઓના કાનૂની સશક્તિકરણને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારતનું બંધારણ વિશ્વના વ્યાપક અને પ્રગતિશીલ બંધારણોમાંનું એક છે. તેમાં "ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા" ના મૂલ્યોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. મહિલાઓના અધિકારોની સુરક્ષા માટે નીચેની કલમો વિશેષ મહત્વ ધરાવે છે:

➢ **કલમ 14 – કાયદા સમક્ષ સમાનતા**: કલમ 14 દરેક નાગરિકને કાયદા સમક્ષ સમાનતા અને સમાન કાનૂની રક્ષણની ખાતરી આપે છે. આ જોગવાઈનો અર્થ એ છે કે રાજ્ય કોઈપણ વ્યક્તિ સામે લિંગના આધારે ભેદભાવ નહીં કરે. મહિલાઓ માટે તેનો અર્થ થાય છે:

* સરકારી સેવાઓમાં સમાન તક,
* ન્યાયપ્રક્રિયામાં સમાન વ્યવહાર,
* કાનૂની સુરક્ષામાં કોઈ ભેદભાવ નહીં.

➢ **કલમ 15(3) – વિશેષ જોગવાઈઓ**: કલમ 15 સામાન્ય રીતે ભેદભાવને પ્રતિબંધિત કરે છે, પરંતુ કલમ 15(3) રાજ્યને મહિલાઓ અને બાળકો માટે વિશેષ જોગવાઈઓ કરવાની સત્તા આપે છે. આ જોગવાઈ "હકારાત્મક પગલાં" માટે બંધારણીય આધાર પૂરું પાડે છે.

➢ **કલમ 39(d) – સમાન કામ માટે સમાન વેતન**: નિર્દેશાત્મક સિદ્ધાંતોમાં સમાવિષ્ટ કલમ 39(d) રાજ્યને પુરુષ અને સ્ત્રી બંનેને સમાન કામ માટે સમાન વેતન આપવાની દિશામાં કાર્ય કરવા સૂચવે છે. જોકે આ સિદ્ધાંતો સીધા કોર્ટમાં અમલમાં લાવી શકાય તેવા નથી, છતાં રાજ્યની નીતિ-નિર્માણ પ્રક્રિયામાં તેઓ મહત્વપૂર્ણ માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે સમાન વેતનનો સિદ્ધાંત અત્યંત જરૂરી છે.

બંધારણીય જોગવાઈઓને અમલમાં મૂકવા માટે સંસદે અનેક કાયદાઓ બનાવ્યા છે, જે મહિલાઓને ઘર, કાર્યસ્થળ અને સમાજમાં સુરક્ષા પ્રદાન કરે છે.

➢ **ઘરેલુ હિંસા સામે મહિલાઓના સંરક્ષણ અધિનિયમ, 2005**: આ કાયદો ઘરેલુ હિંસાના તમામ સ્વરૂપો—શારીરિક, માનસિક, આર્થિક અને યૌન હિંસા—વિરુદ્ધ રક્ષણ આપે છે. મુખ્ય વિશેષતાઓ:

* "ઘરેલુ સંબંધ"ની વ્યાખ્યા વ્યાપક છે.
* પીડિતાને નિવાસનો અધિકાર મળે છે.
* સુરક્ષા આદેશ (પ્રોટેક્શન ઓર્ડર) અને જાળવણી (ભરણપોષણ)ની જોગવાઈ.
* તાત્કાલિક રાહતની વ્યવસ્થા.

➢ **કાર્યસ્થળે મહિલાઓને યૌન ઉત્પીડનથી બચાવવાનો અધિનિયમ, 2013**: આ કાયદો કાર્યસ્થળે યૌન ઉત્પીડન સામે સુરક્ષા આપે છે. મુખ્ય જોગવાઈઓ:

* દરેક સંસ્થામાં આંતરિક ફરિયાદ સમિતિ (ઇન્ટર્નલ કમ્પ્લેઇન્ટ્સ કમિટી) રચવાની ફરજ.
* ફરિયાદની ગોપનીયતા જાળવવાની જોગવાઈ.
* સમયબદ્ધ તપાસ પ્રક્રિયા.

➢ **માતૃત્વ લાભ અધિનિયમ, 1961**: આ કાયદો કાર્યરત મહિલાઓને માતૃત્વ સંબંધિત સુરક્ષા અને લાભો આપે છે. મુખ્ય જોગવાઈઓ:

* 26 અઠવાડિયા સુધીની માતૃત્વ રજા (સુધારા પછી).
* ગર્ભાવસ્થા દરમિયાન નોકરીમાંથી દૂર ન કરવા સુરક્ષા.
* નિર્ધારિત સંખ્યાથી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓમાં(બાળ સંભાળ કેન્દ્ર) સુવિધા.

ભારતીય ન્યાયપાલિકાએ મહિલાઓના હકોની વ્યાખ્યાને વિસ્તૃત કરી અને બંધારણીય મૂલ્યોને માં જીવંત રાખ્યા છે , જેના દૃષ્ટાંત નીચે મુજબ આપી શકાય.

**(1) વિશાખા વિરુદ્ધ સ્ટેટે ઓફ રાજસ્થાન**

આ ઐતિહાસિક કેસમાં સુપ્રીમ કોર્ટે કાર્યસ્થળે યૌન ઉત્પીડન સામે "વિશાખા માર્ગદર્શિકા" જાહેર કરી. કોર્ટએ નિર્દેશ આપ્યો કે યૌન ઉત્પીડન બંધારણની કલમ 14, 15 અને 21નું ઉલ્લંઘન છે.

આ નિર્ણયથી:

- સુરક્ષિત કાર્યપરિસ્થિતિને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા મળી.
- સંસ્થાઓમાં ફરિયાદ સમિતિ રચવાની ફરજ પડી.
- 2013ના કાયદા માટે આધાર તૈયાર થયો.

**(2) શાયરા બનો વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા**

આ કેસમાં સુપ્રીમ કોર્ટે "ત્રિપલ તલાક" પ્રથાને અસંવિધાનિક જાહેર કરી.

કોર્ટએ સ્પષ્ટ કર્યું કે:

- તાત્કાલિક તલાક પ્રથા મહિલાઓના સમાનતા અને ગૌરવના અધિકારનું ઉલ્લંઘન કરે છે.
- ધર્મની સ્વતંત્રતા બંધારણીય સમાનતા કરતાં ઉપર નથી.

આ નિર્ણયે મહિલાઓના ગૌરવ અને ન્યાય માટે મજબૂત કાનૂની આધાર પૂરો પાડ્યો.

## 4. ટકાઉ શાસન

ટકાઉ શાસનનો અર્થ માત્ર સરકાર ચલાવવાની પદ્ધતિ નહીં, પરંતુ એવી શાસનવ્યવસ્થા છે જે વર્તમાન પેઢીની જરૂરિયાતો પૂરી કરતી વખતે આવનારી પેઢીઓના હકો અને સંસાધનોનું સંરક્ષણ કરે.

ટકાઉ શાસન ત્રણ મુખ્ય આધારસ્તંભો પર આધારિત છે:

1. **પર્યાવરણ સંરક્ષણ** – કુદરતી સંસાધનોનો સંતુલિત ઉપયોગ અને જલવાયુ પરિવર્તન સામે પગલાં.
2. **સામાજિક ન્યાય** – દરેક વર્ગને સમાન અવસર અને ભેદભાવનું નિવારણ.
3. **આર્થિક સમાનતા** – સર્વસમાવેશક વિકાસ અને ગરીબી ઘટાડો.

## 4.1 ગ્રામ્ય સ્તરે મહિલાઓનું નેતૃત્વ: બંધારણીય સુધારા પછીનો પરિવર્તન

ભારતમાં 1992ના 73મા બંધારણીય સુધારાએ ગ્રામ્ય શાસનમાં મહિલાઓને નવી ઓળખ આપી. આ સુધારા દ્વારા ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે ઓછામાં ઓછું 33 ટકા આરક્ષણ આપવામાં આવ્યું, જેને અનેક રાજ્યોમાં 50 ટકા સુધી વધારવામાં આવ્યું. પરિણામે લાખો મહિલાઓ સરપંચ અને સભ્ય તરીકે ચૂંટાઈ આવી અને ગામના નિર્ણયોમાં સક્રિય બની.

આ બદલાવ માત્ર સંખ્યામાં વધારો નથી, પરંતુ ગ્રામ્ય સત્તા માળખામાં મૂળભૂત પરિવર્તન છે.

**(1) પીવાના પાણીમાં સુધારો**:

મહિલા નેતૃત્વ ધરાવતા ગામોમાં પાણીની સુવિધાને પ્રાથમિકતા મળે છે. હેન્ડપંપ મરામત, પાણી ટાંકા અને સમાન વિતરણ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે, જેના કારણે આરોગ્યમાં સુધારો થાય છે.

**(2) શિક્ષણમાં વધારો:**

મહિલાઓ બાળિકાઓના શિક્ષણને મહત્વ આપે છે. શાળા નોંધણી વધે છે, શાળા છોડવાની સંખ્યા ઘટે છે અને મધ્યાહન ભોજન જેવી યોજનાઓ અસરકારક બને છે.

**(3) સ્વચ્છતા અને આરોગ્ય:**

શૌચાલય નિર્માણ, સ્વચ્છતા અભિયાન અને આરોગ્ય યોજનાઓમાં મહિલા નેતૃત્વ સકારાત્મક પરિણામ આપે છે. તેઓ સ્વચ્છતાને ગૌરવ અને સુરક્ષા સાથે જોડે છે, જે ગામના જીવન સ્તરમાં સુધારો લાવે છે.

આ રીતે, ગ્રામ્ય સ્તરે મહિલાઓનું નેતૃત્વ વિકાસ અને ટકાઉ શાસન માટે મહત્વપૂર્ણ સાબિત થયું છે.ગ્રામ્ય નેતૃત્વનો વ્યાપક સામાજિક પ્રભાવ

મહિલાઓના ગ્રામ્ય નેતૃત્વે સમાજના વિવિધ સ્તરો પર વ્યાપક અને દીર્ઘકાળીન પ્રભાવ પેદા કર્યા છે:

1. **રાજકીય સશક્તિકરણ** – મહિલાઓમાં આત્મવિશ્વાસ, જાહેર ભાષણની ક્ષમતા અને નિર્ણયક્ષમતાનો વિકાસ થાય છે.

2. **સામાજિક માન્યતાઓમાં પરિવર્તન** – ગામના લોકો મહિલાઓને સત્તાવાન નેતા તરીકે સ્વીકારવા લાગે છે, જેના કારણે લિંગ આધારિત ભૂમિકાઓમાં ફેરફાર આવે છે.

3. **આગામી પેઢી પર પ્રેરણાત્મક અસર** – બાળાઓ માટે મહિલા નેતાઓ પ્રેરણાસ્રોત બની રહે છે, જે તેમના સપનાઓ અને આકાંક્ષાઓને વિસ્તૃત કરે છે.

## 5 ટકાઉ શાસન અને મહિલાઓની અનિવાર્ય ભૂમિકા

ટકાઉ શાસનનું મૂળ તત્વ "સમાવેશી નિર્ણય પ્રક્રિયા"માં રહેલું છે. મહિલાઓનો દૃષ્ટિકોણ દૈનિક જીવનના અનુભવ, સંભાળની ભૂમિકાઓ અને સામાજિક જવાબદારીઓથી સમૃદ્ધ હોવાથી, તેઓ શાસનમાં માનવ કેન્દ્રિત અભિગમ લાવે છે.

પર્યાવરણ સંરક્ષણમાં મહિલાઓની ભૂમિકા વિશેષ નોંધપાત્ર છે, જેમ કે:

- પાણી અને ધાણી સંચાલન
- વન અને જૈવ વૈવિધ્યનું સંરક્ષણ
- કુદરતી અને ટકાઉ ખેતી પ્રણાલીઓ
- સ્વ-સહાય જૂથો દ્વારા સ્થાનિક અર્થતંત્રનું સશક્તિકરણ

આ દિશામાં, વૈશ્વિક સ્તરે **યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ** પણ આ વાત પર ભાર મૂકે છે કે શાસનમાં મહિલાઓનો સમાવેશ પારદર્શિતા, જવાબદારી અને પ્રતિસાદક્ષમતા વધારવા માટે અનિવાર્ય છે.

## 5.1 શિક્ષણ દ્વારા પરિવર્તન

શિક્ષણ મહિલાઓના સશક્તિકરણનું સૌથી અસરકારક સાધન છે. તે માત્ર વાંચન-લેખન સુધી મર્યાદિત નથી, પરંતુ વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને અધિકારોની સમજણ વિકસાવે છે.

**(1) વ્યક્તિગત અસર:**

શિક્ષિત મહિલા પોતાના લગ્ન, કારકિર્દી અને આરોગ્ય સંબંધિત નિર્ણયો આત્મવિશ્વાસથી લઈ શકે છે. તે કાનૂની અધિકારો વિશે જાગૃત રહે છે અને અન્યાય સામે અવાજ ઉઠાવી શકે છે. સાથે જ શિક્ષણ રોજગાર અને સ્વરોજગારના નવા માર્ગ ખોલે છે.

**(2) પરિવાર અને સમાજ પર અસર**:

શિક્ષિત માતા બાળકોના આરોગ્ય, પોષણ અને શિક્ષણ પર વધુ ધ્યાન આપે છે. પરિણામે બાળમૃત્યુ દર ઘટે છે, શાળા નોંધણી વધે છે અને લિંગ સમાનતાની જાગૃતિ ફેલાય છે.

**(3) રાષ્ટ્રીય વિકાસ:**

જ્યાં મહિલાઓનું શિક્ષણ સ્તર ઊંચું હોય છે, ત્યાં આરોગ્ય, જીવનની ગુણવત્તા અને માનવ વિકાસ પણ સુધરે છે. શિક્ષિત મહિલાઓ નાગરિક ભાગીદારી અને શાસનમાં જવાબદારી વધારવામાં યોગદાન આપે છે.

## 5.2 આર્થિક સશક્તિકરણ

આર્થિક સ્વતંત્રતા મહિલાઓને સાચા અર્થમાં સશક્ત બનાવે છે. પોતાની આવક અને નાણાકીય નિર્ણયક્ષમતાથી તેમની સામાજિક સ્થિતિ મજબૂત બને છે.

**(1) સ્વ-સહાય જૂથો (SHGs)**:

SHGs દ્વારા મહિલાઓ બચત કરે છે, લોન મેળવે છે અને નાના ઉદ્યોગ શરૂ કરે છે. આથી આવક સાથે નેતૃત્વ અને વ્યવસ્થાપન કુશળતા પણ વિકસે છે.

**(2) રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન (NRLM):**

આ યોજના હેઠળ મહિલાઓને કુશળતા વિકાસ, સ્વરોજગાર અને બજાર જોડાણ માટે સહાય મળે છે, જેના કારણે તેઓ સ્થાનિક અર્થતંત્રમાં સક્રિય બને છે.

**(3) સામાજિક અસર:**

મહિલાઓની આવક વધવાથી બાળકોના શિક્ષણ અને આરોગ્યમાં સુધારો થાય છે, ગરીબી ઘટે છે અને અસમાનતા ઘટાડવામાં મદદ મળે છે.

આ રીતે શિક્ષણ અને આર્થિક સશક્તિકરણ મહિલાઓને વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય સ્તરે પરિવર્તનની શક્તિ બનાવે છે.

## 6. પડકારો: સીમાંતીકરણથી નેતૃત્વ સુધીની સફરમાં અવરોધો

મહિલાઓના સશક્તિકરણ અને નેતૃત્વમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. બંધારણીય જોગવાઈઓ, આરક્ષણ નીતિઓ અને વિવિધ કલ્યાણકારી યોજનાઓએ મહિલાઓને જાહેર જીવનમાં પ્રવેશ આપ્યો છે. તેમ છતાં, કાનૂની સમાનતા અને વાસ્તવિક સમાનતા વચ્ચે હજી પણ અંતર જોવા મળે છે. આ અંતરને સમજવા માટે ઢાંચાગત, માનસિક અને પ્રણાલીકૃત અવરોધોની ઓળખ કરવી જરૂરી છે.

**(1) પિતૃસત્તાત્મક માનસિકતા:**

સમાજમાં પુરુષને મુખ્ય નિર્ણયકર્તા માનવાની માન્યતા મહિલાઓના નેતૃત્વને સંપૂર્ણ સ્વીકારવામાં અવરોધ બને છે. ઘણી વખત તેમની ક્ષમતાઓ પર શંકા થાય છે. કેટલાક સ્થળોએ "પ્રોક્સી નેતૃત્વ" જોવા મળે છે, જ્યાં ચૂંટાયેલી મહિલાની જગ્યાએ પુરુષ પરિવારજનો સત્તા ચલાવે છે. સાથે જ મહિલાઓને ઘર અને જાહેર જીવનની દ્વિગુણ જવાબદારી વહન કરવી પડે છે.

**(2) રાજકીય અને પ્રણાલીકૃત અવરોધો:**

મહિલાઓ સંખ્યાબંધ ચૂંટાઈ આવે છે, પરંતુ નિર્ણય લેવામાં તેમને દબાણનો સામનો કરવો પડે છે. રાજકીય સ્વાર્થો વિકાસ કાર્યોમાં હસ્તક્ષેપ કરે છે. ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવતી મહિલાઓને સામાજિક વિરોધનો સામનો કરવો પડે છે.

**(3) નાણાકીય અછત:**

ચૂંટણી ખર્ચાળ હોવાથી આર્થિક રીતે નબળી મહિલાઓ માટે ભાગ લેવું મુશ્કેલ બને છે. ઘણી મહિલાઓ આર્થિક રીતે નિર્ભર હોવાને કારણે સ્વતંત્ર નિર્ણય લઈ શકતી નથી. બેંકિંગ અને ક્રેડિટ સુવિધાઓ સુધી મર્યાદિત પહોંચ પણ એક મોટો અવરોધ છે.

**(4) ડિજિટલ ગેપ:**

ડિજિટલ સાક્ષરતા અને ઈન્ટરનેટ ઍક્સેસના અભાવને કારણે મહિલાઓ ઇ-ગવર્નન્સ, ઓનલાઈન સેવાઓ અને ડિજિટલ નાણાકીય વ્યવહારોમાં પાછળ રહે છે. નવી યોજનાઓ અને માહિતી સુધી સમયસર પહોંચ ન મળવી પણ વિકાસમાં અવરોધ બને છે.

આ પડકારોને દૂર કર્યા વિના મહિલાઓનું સંપૂર્ણ અને ટકાઉ નેતૃત્વ શક્ય નથી.

## 7. ન્યાયિક સક્રિયતા અને મહિલાઓના અધિકારો

ભારતીય ન્યાયપાલિકાએ બંધારણીય મૂલ્યો — સમાનતા (કલમ 14), ભેદભાવનો પ્રતિબંધ (કલમ 15) અને ગૌરવપૂર્ણ જીવનનો અધિકાર (કલમ 21) — ને વ્યાપક અર્થ આપીને મહિલાઓના અધિકારોને મજબૂત બનાવ્યા છે. ન્યાયિક સક્રિયતા દ્વારા સુપ્રીમ કોર્ટના અનેક ઐતિહાસિક ચુકાદાઓએ કાનૂની અને સામાજિક સ્તરે રૂપાંતર લાવ્યું છે.

❖ **મેરી રોય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરળ**

આ કેસમાં સુપ્રીમ કોર્ટે ટ્રાવનકોર ખ્રિસ્તી કાયદાની અસમાન જોગવાઈઓને અવગણી ખ્રિસ્તી મહિલાઓને સમાન વારસાનો અધિકાર આપ્યો.

**નિર્ણયના મુખ્ય પ્રભાવ:**

- સંપત્તિમાં સમાન હકની માન્યતા
- કલમ 14 અને 15નો વ્યાપક અમલ

- મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન

આ ચુકાદાએ વારસાગત અસમાનતાને દૂર કરવાની દિશામાં ઐતિહાસિક પગલું ભર્યું.

### ❖ ગીથા હરિહરન વિરુદ્ધ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

પ્રશ્ન હતો કે પિતા જીવિત હોય ત્યારે માતા “સ્વાભાવિક સંરક્ષક” બની શકે કે નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે માતાને પણ સમાન રીતે સ્વાભાવિક સંરક્ષક તરીકે માન્યતા મળશે.

**મુખ્ય પ્રભાવ:**

- માતા અને પિતાને સમાન કાનૂની સ્થાન
- પરિવાર કાયદામાં લિંગ સમાનતાનો મજબૂત આધાર
- મહિલાઓની સ્વતંત્ર કાનૂની ઓળખને સ્વીકાર

### ❖ જોસેફ શાઇન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા

આ કેસમાં ભારતીય દંડ સંહિતાની વ્યભિચાર સંબંધિત જોગવાઈ (ધારા 497) અસંવિધાનિક જાહેર કરવામાં આવી.

**કોર્ટના અવલોકનો:**

- મહિલા “પતિની સંપત્તિ” નથી
- વ્યક્તિગત સ્વતંત્રતા અને ગૌરવ સર્વોપરી
- લિંગ આધારિત ભેદભાવ બંધારણ વિરુદ્ધ

આ ચુકાદાએ મહિલાઓની સ્વતંત્રતા, ગૌરવ અને સમાનતાને વધુ મજબૂત કાનૂની આધાર આપ્યો.

## 8. આર્થિક નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા અને જીવનચક્ર આધારિત સશક્તિકરણ

મહિલાઓનું સશક્તિકરણ જીવનના દરેક તબક્કે — બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી — ગૌરવ, સુરક્ષા, આરોગ્ય, શિક્ષણ અને નેતૃત્વની સુલભતા સાથે સંકળાયેલું છે. “મહિલા વિકાસ”ને “મહિલા-નેતૃત્વ વિકાસ”માં પરિવર્તિત કરવાની દિશામાં છેલ્લા દાયકામાં જીવનચક્ર આધારિત નીતિ માળખું વિકસ્યું છે.

### 8.1 પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા

• પોષણ અભિયાન 2.0: પોષણ, આરોગ્ય અને સ્વચ્છતાનો સંકલિત અભિગમ અપનાવી માતા અને બાળકના આરોગ્યમાં સર્વાંગી સુધારો લાવવાનો પ્રયત્ન, સાથે તાત્કાલિક નિરીક્ષણ અને સમુદાય જાગૃતિ પર ભાર.
• સક્ષમ આંગણવાડી યોજના: આંગણવાડી કેન્દ્રોના આધુનિકીકરણ દ્વારા ગુણવત્તાયુક્ત પોષણ, બાળ સંભાળ અને પ્રાથમિક શિક્ષણની સુવિધા.
• જનની સુરક્ષા યોજના અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના: સંસ્થાકીય પ્રસૂતિને પ્રોત્સાહન અને ગર્ભવતી મહિલાઓને પોષણ સહાય તથા આરોગ્ય સેવા.
• સર્વજન રસીકરણ કાર્યક્રમ: બાળકો અને ગર્ભવતી મહિલાઓને ગંભીર રોગોથી સુરક્ષા આપતું વિશાળ રસીકરણ અભિયાન.

### 8.2 ગૌરવપૂર્ણ જીવન અને આધારીય સુવિધાઓ

• પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામિણ: ગ્રામ્ય મહિલાઓને ઘરમાલિકી દ્વારા સુરક્ષા અને ગૌરવપૂર્ણ જીવન.

• પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના: ધુમાડા રહિત રસોડાં દ્વારા આરોગ્ય અને પર્યાવરણનું સંરક્ષણ.
• સ્વચ્છ ભારત અભિયાન: શૌચાલય અને સ્વચ્છતા સુવિધા દ્વારા મહિલાઓની સલામતી અને માન-મર્યાદામાં વધારો.
• જલ જીવન મિશન: ઘર સુધી નળ જોડાણથી સમય બચત, આરોગ્ય સુરક્ષા અને સામાજિક-આર્થિક ભાગીદારીમાં વૃદ્ધિ.

### 8.3 શિક્ષણ અને ડિજિટલ સશક્તિકરણ

• બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન: કન્યાશિક્ષણ અને જાતિ સંતુલનમાં સુધારો.
• સુકન્યા સમૃદ્ધિ યોજના: કન્યાઓ માટે દીર્ઘકાલીન બચત અને નાણાકીય સુરક્ષા.
• ચંદ્રયાન-૩ મિશનમાં મહિલાઓની ભાગીદારી: વૈજ્ઞાનિક ક્ષેત્રે મહિલાઓની ક્ષમતા અને નેતૃત્વનું પ્રતિબિંબ.

### 8.4 રાજકીય અને સંસ્થાકીય સશક્તિકરણ

• નારી શક્તિ વંદન અધિનિયમ: લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને 33 ટકા અનામત દ્વારા રાજકીય પ્રતિનિધિત્વ મજબૂત બનાવે છે.
• સશસ્ત્ર દળોમાં મહિલાઓને સમાન તક: સુરક્ષા ક્ષેત્રે સમાન અવસર અને સ્થાયી નિયુક્તિ.

### 8.5 નાણાકીય સ્વાવલંબન

• પ્રધાનમંત્રી મુદ્રા યોજના: મહિલાઓને સ્વરોજગાર માટે ઋણ સહાય.
• સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના: મહિલા ઉદ્યોગસાહસિકોને નાણાકીય પ્રોત્સાહન.
• દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામિણ આજિવિકા મિશન: સ્વ-સહાય જૂથો દ્વારા આર્થિક સશક્તિકરણ.

### 8.6 સલામતી અને ન્યાય

• વન સ્ટોપ સેન્ટર યોજના: સંકટગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક કાનૂની અને આરોગ્ય સહાય.
• મહિલા સહાય હેલ્પલાઇન 181: મુશ્કેલીમાં સહાય માટે સેવા.
• કાર્યસ્થળ પર સતામણી વિરોધી ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થા: સરળ અને ઝડપી ન્યાય.
• નારી અદાલત: ગ્રામ્ય સ્તરે સમુદાય આધારિત ન્યાય પ્રણાલી.

## 9. ભવિષ્ય માટેની ભલામણો

મહિલાઓના નેતૃત્વને વધુ મજબૂત બનાવવા માટે સંસ્થાગત, શૈક્ષણિક અને નીતિગત સ્તરે સંકલિત પ્રયાસો જરૂરી છે. નીચે મુખ્ય ભલામણો સંક્ષિપ્ત રૂપે રજૂ કરવામાં આવે છે:

### 1. 33% આરક્ષણનું અમલીકરણ

સ્થાનિક સ્વરાજમાં આરક્ષણ સફળ રહ્યું છે; હવે સંસદ અને વિધાનસભાઓમાં પણ 33% આરક્ષણ અસરકારક રીતે લાગુ કરવું જરૂરી છે. શ્રીમતી દ્રૌપદી મુર્મુ જેવા ઉદાહરણો દર્શાવે છે કે તક મળે તો મહિલાઓ રાષ્ટ્રીય સ્તરે પણ સફળ નેતૃત્વ આપી શકે છે.

### 2. ડિજિટલ તાલીમ

ડિજિટલ ઇન્ડિયા હેઠળ મહિલાઓને ઇ-ગવર્નન્સ, ઓનલાઈન બેંકિંગ અને ડિજિટલ સુરક્ષા અંગે પ્રાયોગિક તાલીમ આપવી જોઈએ, જેથી તેમની સ્વતંત્ર ભાગીદારી વધે.

### 3. કાયદાકીય જાગૃતિ

મહિલાઓને બંધારણીય અધિકારો અને સુરક્ષા સંબંધિત કાયદાઓ વિશે કેમ્પ અને વર્કશોપ દ્વારા જાગૃત કરવી જોઈએ. કાયદાની જાણકારી સશક્તિકરણનો આધાર છે.

**4. મહિલા નેતૃત્વ વિકાસ**
ચૂંટાયેલી અને ભાવિ મહિલા પ્રતિનિધિઓ માટે જાહેર ભાષણ, નીતિ સમજ અને વહીવટી તાલીમ કેન્દ્રો સ્થાપવા જરૂરી છે.

**5. યુવતીઓમાં નાગરિક શિક્ષણ**
શાળાઓ-કોલેજોમાં લોકશાહી અને નાગરિક જવાબદારી અંગે મજબૂત શિક્ષણ આપવું જોઈએ. ઇન્દિરા ગાંધી જેવી નેતાઓ યુવતીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની શકે છે.

## ❖ પ્રેરણાદાયક મહિલાઓના નામ અને તેમની મુખ્ય સિદ્ધિઓ

૧. ઇન્દિરા ગાંધી
સિદ્ધિ: ભારતની પ્રથમ અને અત્યાર સુધીની એકમાત્ર મહિલા પ્રધાનમંત્રી. બેંક રાષ્ટ્રીયકરણ અને હરિત ક્રાંતિ જેવી ઐતિહાસિક નીતિઓ અમલમાં મૂકી દેશના આર્થિક અને કૃષિ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

૨. દ્રૌપદી મુર્મુ
સિદ્ધિ: ભારતની પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ. સામાજિક ન્યાય, સમાનતા અને આદિવાસી સશક્તિકરણનું પ્રતિક.

૩. પી. વી. સિંધુ
સિદ્ધિ: ઓલિમ્પિક્સમાં રજત અને કાંસ્ય પદક વિજેતા; વિશ્વ ચેમ્પિયનશિપમાં સોનું જીતનાર પ્રથમ ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી.

૪. મેરી કોમ
સિદ્ધિ: છ વખત વિશ્વ એમેચ્યોર બોક્સિંગ ચેમ્પિયન; ઓલિમ્પિક કાંસ્ય પદક વિજેતા.

૫. કલ્પના ચાવલા
સિદ્ધિ: અવકાશમાં જનાર પ્રથમ ભારતીય મૂળની મહિલા; વિજ્ઞાન ક્ષેત્રે લાખો યુવતીઓ માટે પ્રેરણાસ્ત્રોત.

૬. કિરણ બેદી
સિદ્ધિ: ભારતની પ્રથમ મહિલા ભારતીય પોલીસ સેવા અધિકારી; જેલ સુધારણા અને પ્રશાસકીય સુધારાઓ માટે જાણીતા.

૭. સુધા મૂર્તિ
સિદ્ધિ: પ્રસિદ્ધ લેખિકા અને સામાજિક કાર્યકર; શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ વિકાસ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન.

૮. સાઇના નેહવાલ
સિદ્ધિ: ઓલિમ્પિક કાંસ્ય પદક વિજેતા; વિશ્વ ક્રમાંક એક બનનાર પ્રથમ ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી.

૯. ઇલા ભટ્ટ
સિદ્ધિ: સ્વરોજગાર મહિલા સંઘની સ્થાપક; અસંગઠિત ક્ષેત્રની મહિલાઓના હક્ક અને આર્થિક સશક્તિકરણ માટે જીવન સમર્પિત કર્યું.

૧૦. મિતાલી રાજ
સિદ્ધિ: ભારતીય મહિલા ક્રિકેટ ટીમની લાંબા સમય સુધી કેપ્ટન; આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર મહિલાઓમાંની એક.

૧૧. ટેસી થોમસ
સિદ્ધિ: "ભારતની મિસાઇલ મહિલા" તરીકે ઓળખાય છે; અગ્નિ મિસાઇલ પ્રોજેક્ટમાં અગત્યની ભૂમિકા.

૧૨. ફાલ્ગુની નાયર
સિદ્ધિ: નાયકા કંપનીની સ્થાપક; ભારતની સફળ સ્વનિર્મિત મહિલા અબજોપતિઓમાંની એક.

૧૩. કિરણ મઝુમદાર-શૉ
સિદ્ધિ: બાયોકોન કંપનીની સ્થાપક; બાયોટેક ઉદ્યોગમાં વૈશ્વિક ઓળખ પ્રાપ્ત કરી.

અન્ય

૧ . સાવિત્રીબાઈ ફૂલે
સિદ્ધિ: ભારતની પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે જાણીતી. સ્ત્રી શિક્ષણ માટે પ્રથમ કન્યાશાળા શરૂ કરી અને અસ્પૃશ્યતા તથા સામાજિક અન્યાય સામે સંઘર્ષ કર્યો.

૨. રાણી લક્ષ્મીબાઇ
સિદ્ધિ: ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અદમ્ય શૌર્ય બતાવનાર વિરાંગના. બ્રિટિશ શાસન સામે સાહસપૂર્વક લડી અને દેશભક્તિનું પ્રતિક બની.

૩. સરોજિની નાયડુ
સિદ્ધિ: ભારતની પ્રથમ મહિલા રાજ્યપાલ. સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગત્યની ભૂમિકા અને કાવ્ય ક્ષેત્રે પ્રસિદ્ધિ.

## 10. નિષ્કર્ષ

સીમાંતીકરણથી નેતૃત્વ સુધીનો મહિલાઓનો પ્રવાસ માત્ર સામાજિક સુધારાની યાત્રા નથી; તે લોકશાહીનું ગાઢીકરણ અને શાસનના માનવિકીકરણની સક્રિય અને રૂપાંતરકારી પ્રક્રિયા છે. જ્યારે મહિલાઓ નિર્ણય પ્રક્રિયામાં સક્રિયપણે સામેલ થાય છે, ત્યારે શાસન વધુ સમાનતાપૂર્વક, સંવેદનશીલ અને લોકોની વાસ્તવિક જરૂરિયાતોને પ્રતિબિંબિત કરતું બને છે. મહિલા નેતૃત્વ નીતિઓમાં માનવીય દૃષ્ટિકોણ ઉમેરે છે અને વિકાસને તળિયાથી મજબૂત બનાવે છે.

મહિલાઓનું સશક્તિકરણ —
• શાસનની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો કરે છે
• પારદર્શિતા અને જવાબદારીને મજબૂત બનાવે છે
• સામાજિક ન્યાયને વ્યવહારિક સ્વરૂપ આપે છે
• ટકાઉ વિકાસને ગતિ અને દિશા બંને આપે છે

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓથી લઈને સંસદ સુધી મહિલાઓની વધતી ભાગીદારી એ સાબિત કરે છે કે લોકશાહી ત્યારે જ પૂર્ણતા પામે છે જ્યારે તેમાં સમાન અને અર્થપૂર્ણ પ્રતિનિધિત્વ હોય. ભારતે સ્વીકારેલા યુનાઇટેડ નેશન્સ ના ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) પણ સ્પષ્ટ કરે છે કે લિંગ સમાનતા (Goal 5) વિના સર્વાંગી અને ટકાઉ વિકાસ શક્ય નથી.

ટકાઉ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સમાનતા — આ ત્રણેય લક્ષ્યો મહિલાઓના સક્રિય અને અર્થપૂર્ણ નેતૃત્વ વિના અધૂરા છે. મહિલાઓ સમાજના અડધા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે; તેથી તેમની ભાગીદારી કોઈ વિકલ્પ નહીં પરંતુ અનિવાર્યતા છે.

અંતે કહી શકાય કે મહિલા સશક્તિકરણ માત્ર કલ્યાણકારી યોજના નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણની કેન્દ્રિય અને વ્યૂહાત્મક પ્રક્રિયા છે. હાશિયાથી નેતૃત્વ સુધીની આ યાત્રા ભારતની લોકશાહી, ન્યાય અને વિકાસગાથાનો અવિભાજ્ય અને પ્રેરણાદાયક અધ્યાય છે — જે ભવિષ્યમાં વધુ સમાન, ન્યાયી અને સમૃદ્ધ સમાજની દિશામાં માર્ગદર્શક બનશે.

**Bibliography (APA 7th Edition)**

Government of India. (1950). *The Constitution of India*. Government of India Press.

Government of India. (1992). *The Constitution (73rd Amendment) Act, 1992*. Ministry of Law and Justice.

Government of India. (1992). *The Constitution (74th Amendment) Act, 1992*. Ministry of Law and Justice.

Government of India. (2005). *The Protection of Women from Domestic Violence Act, 2005*. Ministry of Law and Justice.

Government of India. (2013). *The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act, 2013*. Ministry of Women and Child Development.

Vishaka v. State of Rajasthan. (1997). Supreme Court of India.

Shayara Bano v. Union of India. (2017). Supreme Court of India.

Joseph Shine v. Union of India. (2018). Supreme Court of India.

યુનાઇટેડ નેશન્સ. (2015). *Transforming our world: The 2030 Agenda for Sustainable Development*. યુનાઇટેડ નેશન્સ Publishing.

UNESCO. (2014). *Education for All Global Monitoring Report*. UNESCO Publishing.

**Copyright & License:**

© Authors retain the copyright of this article. This work is published under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0), permitting unrestricted use, distribution, and reproduction in any medium, provided the original work is properly cited.